આદર્શ જીવન.

લેખક.

રણછોડદાસ કેશવલાલ પારેખ.

કડી (વડોદરા રાજ્ય.)

આદર્શ જીવન.

લેખક.

રણછોડદાસ કેશવલાલ પારેખ.

કડી (વડોદરા રાજ્ય.)

પ્રકાશક.

રણછોડદાસ કેશવલાલ પારેખ.

મુ. કડી.

પ્રથમાવૃત્તિ પ્રત ૭૦૦

સંવત ૧૯૭૨ સન ૧૯૧૫

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રીન્ટિંગ પ્રેસમાં

શા સાંકલચંદ હરીલાલે છાપ્યું.

કિંમત બે આના.

આફ્રિકાના વિકટ પ્રદેશમાં ગમન કરી વતનનું હિત ઇચ્છી ઘણા મનુષ્યોને ધંધે વળગાડી ભ્રાતૃભાવની લાગણી જાગૃત કરી છે, અને જેના જીવનમાં આદર્શતત્ત્વો સમાયલાં છે તેવી એક મહાન્ વ્યક્તિ **મી. ચીમનલાલ છોટાલાલ દેશાઈ હરરવાળાને** આ નિબન્ધ મ્હારા પ્રત્યેની તેમની પ્રેમની લાગણીના યત્કિંચિત્ બદલા તરિકે અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

રણછોડદાસ કેશવલાલ પારેખ.



દેસાઈ ચીમનલાલ છોટાલાલ હુરરવાલા.

પ્રસ્તાવના.

સંસારમાં પ્રતિ મનુષ્ય પોતાનું જીવન સારી રીતે શુદ્ધ બનાવી શકે તે માટે કેવા ઉપાયો યોજવા તે આ ન્હાના નિબન્ધમાં બતાવવાનો યથામતિ પ્રયત્ન કરવામાં આવ્યો છે, તેમાંનો કોઇ પણ અંશ જો વાંચકોને ઉપયોગી માલૂમ પડશે અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરશે તો હું પોતાને તેટલે અંશે કૃતકૃત્ય માનીશ.

મી. હિરાલાલ મથુરદાસ વ્હોરાએ તેમના વિદ્યાભ્યાસના અમૂલ્ય વખતમાં પણ ઉપોદ્ઘાત લખવાનો શ્રમ લીધો છે માટે તેમનો તથા નિબન્ધ લખવામાં કેટલાક ગ્રન્થોનો વિચારો જ-ણાવા માટે ઉપયોગ કર્યો છે તે ગ્રન્થ કર્ત્તાઓનો આ સ્થળે આભાર માનુંછું—

આદર્શભૂત જીવન એ નામથી આ નિબન્ધ સાહિત્ય પરિષદમાં મોકલેલો હતો, તે પ્રેસમાં મોકલ્યા

પછી મી. પ્રભાશંકર જયશંકર પાઠકનો નિબન્ધ છ-પાયાનું માલૂમ પડયાથી આ નિબન્ધનું નામ આદર્શ જીવન રાખવામાં આવ્યું છે.

શરીરે રૂપાળો યશ સ્ત્રીજ સારી,
વળી મેરૂ તુલ્યે કદિ દ્રવ્ય ભારી;
તથાપિ હરિના પદોમાં ન બૂઝે,
કિધા વૈભવોને બધા તેથી શું છે ?

જેના જીવનમાં અનેક જીવન સમાયેલાં છે તેજ ખરૂં જીવન છે.

શ્રીકૃષ્ણ સદન, કડી
પ્રબોધિની, એકાદશી
સંવત્ ૧૯૭૨

રણછોડદાસ કેશવલાલ
પારેખ.

उपोद्घात.

આ દુનિયામાં કેટલાક માણસો પોતાના પૈસાના તેજમાં બીજાને આંજી નાંખી પોતે ખરાબ હોવા છતાં સારા કહેવડાવવામાં, કેટલાક પોતાની બુદ્ધિના બળથી સામાને વશ કરી લઈ પોતાની વાહવાહ કહેવડાવવામાં, કેટલાક દુનિયામાં મોટા કહેવાતા લોકોનો સંસર્ગ રાખવામાં કેટલાક વૈષયિક સુખો ભોગવવામાં એમ જુદી જુદી પ્રકારે જીંદગી ગાળવામાં જીવનનો સાર માને છે, પરંતુ આવી રીતે જીવન ગુજારનાર મનુષ્યોનું જીવન આદર્શભૂત કહેવાય નહિ. બીજાની દરકાર કર્યા વિના, વૈષયિક સુખો ભોગવી સ્વાર્થી જીંદગી તો પશુઓ પણ ગાળેછે. મનુષ્યનું જીવન એથી જુદા પ્રકારનું હોવું જોઇએ–એમાં એથી કંઇક વધારે હોવું જોઇએ. આ પુસ્તકના મથાળે લખેલું છે તેમ ખરૂં જીવન તેજ કહેવાય કે જેમાં અનેક જીવન સમાયલાં છે.

પોતાનું જીવન આદર્શમય બનાવવાની ઇચ્છા દરેક માણસને થાય છે, એવો કોઇકજ માણુસ હશે કે જેને તેવી ઇચ્છા થતી નહીં હોય. જેઓને ગૃહ-કેળવણી સારી મળી હોય તેઓ તો સહેલાઇથી પોતાનું જીવન આદર્શભૂત બનાવી શકે છે પરંતુ જેઓના ગૃહસંસ્કાર સારા ન હોય તેઓને માટે તે ઘણું મુશ્કેલ થઈ પડે છે. આદર્શભૂત જીવન બનાવવા માટે મનુષ્યમાં જે જે કુટેવો હોય તે દૂર કરી સદ્‌ગુણ મેળવવાની આવશ્યકતા છે. ઘણા માણુસો આવી કુટેવો દૂર કરવાને નિશ્ચય કરે છે, પરંતુ તેમ કરવામાં થોડાજ ફતેહમંદ નીવડે છે. દાખલા તરીકે એમ ધારો કે કોઇ માણુસને જૂઠું બોલવાની ટેવ પડી છે. તે માણુસ જૂઠું નહીં બોલવાનો નિશ્ચય કરે પણુ તે માણુસ જૂઠું બોલીજ જવાનો. ઘણી વખત નિષ્ફળ થયા પછી પણુ એક કુટેવ દૂર કરવાને માણુસ ભાગ્યેજ ફત્તેહમંદ થાય છે. આવી ઘણી કુટેવો દૂર કરી સદ્‌ગુણુ મેળવવા એ કંઇ સહેલું નથી અને તે અઘરૂં છે એનું કારણુ મનની ચંચળતા સિવાય બીજું કંઇજ નથી. મનની ચંચ-

ળતા અવિચ્છિન્ન આત્મનિરીક્ષણુ આત્મશિક્ષણુ અને આત્મયમનથી માણુસ દૂર કરી શકે છે* પરંતુ તે પછી પણુ આદર્શભૂત જીવન ગાળવામાં મનુષ્યને આત્મકર્તવ્ય પગલે પગલે આડે આવેછે. ઘણી વખતે તો પોતાનું આત્મકર્તવ્ય શું છે તેનો નિશ્ચય પણુ તે કરી શકતો નથી. દાખલા તરીકે એક માણુસ જૂઠું બોલે તો તેની જીંદગી બચે છે, અને સાચું બોલે તો તેની જીંદગી જાય છે તો આવા વખતે તેણે સાચું બોલવું કે જૂઠું બોલવું? સાધારણુ માણુસતો એમજ વિચાર કરે કે એક વખત જૂઠું બોલવાથી કંઇ વધારે પાપ લાગતું નથી, અને જીવતા હઇશું તો વળી ઘણાં લોકોપયોગી કામ કરી શકીશું એમ માની જૂઠું બોલવું તે યોગ્ય ગણે. પરંતુ મહાત્માઓ તો તેથી જુદીજ રીતે વિચારે. જૂઠું બોલવાથી સત્યરૂપી વિશ્વનીયમનું ઉલ્લંઘન થાય છે. માટે પોતાની જીંદગીની ખાતર વિશ્વનીયમનું

---

* असंशयं महाबाहो मनोदुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥

ઉલ્લંઘન કરી પોતાની જાતને તેમજ આખા જગતને નુકશાન પહોંચાડવા કરતાં તે મરવું વધારે યોગ્ય ગણશે; કારણ મહાન્ પુરૂષો પોતાની જીંદગી ત્યાં સુધીજ ઉપયોગી ગણે છે કે જ્યાં સુધી તેઓ પરમાર્થ કરી શકે. સોક્રેટીસ સત્યની ખાતરજ વિષ પી ગયા હતા. હરિશ્ચંદ્રે સત્યની ખાતરજ પોતાનો રાજ્ય–વિભવ તથા સ્ત્રીપુત્રાદિ ગુમાવ્યાં હતાં. સાધારણ માણસ તો એક વખત જૂઠું નહિં બોલતાં આવું ભારે નુકશાન ખમનારને ગાંડાજ સમજે, પરંતુ આવા સાધારણ માણસોને ગાંડા લાગતા માણસોજ તેમના આવા મોટા સ્વાર્પણરૂપી મુખથી, જૂઠું બોલવું એ વિશ્વનિયમનું ઉલ્લંઘન કરવા બરોબર છે, તેથી આખા જગતને નુકશાન થાય છે, એ શબ્દો પ્રતિમનુષ્યના કર્ણ વિવરમાં ગર્જાવી રહ્યા છે–આવો દુનિયાને તેઓ બોધ આપી રહ્યા છે. તેમના મોતમાંજ તેમની અમરતા સમાયલી છે. આ પ્રમાણે આપણું આત્મકર્તવ્ય શું છે તે આપણે સમજી શકીએ નહીં ત્યારે મોટા માણસો શું કરી ગયાછે

તે આપણે જોવું જોઇએ તેમની સલાહ લેવાથી આપણી દરેક શંકાનું સમાધાન થશે

આ ઉપરથી સમજાશે કે આદર્શભૂત જીવન બનાવવામાં દૃઢ મનોબળ અને આત્મકર્તવ્ય પરાયણતાની ઘણીજ જરૂર છે. આ બે સદ્ગુણો મેળવવામાં મનુષ્યને પંગલે પગલે મુશ્કેલીઓ નડેછે પગલે પગલે શંકાઓ ઉત્પન્ન થાય છે. પરંતુ મુશ્કેલીઓ અને શંકાઓથી માણસે બિલકુલ ગભરાવું જોઇએ નહીં. કંઇપણ કામમાં મુશ્કેલીઓ આવવી એ અગત્યનું છે. મુશ્કેલીઓ આપણને શુદ્ધ બનાવી ઉંચા સ્થાનને માટે લાયક બનાવે છે. વિધ્નો આપણને દૃઢ બનાવે છે; આપણામાં માનુષી ગુણોનો વધારો કરે છે; આપણો સ્વભાવ ઉમદા બનાવે છે; આપણામાં જે કંઇ સારૂં હોય તે એક સાથે એકઠું કરી કામે લગાડે છે, આપણે વિધ્નોરૂપી વિનયમાંથી પસાર થવું એ આદર્શભૂત જીવન ગાળવારૂપી ઉચ્ચસ્થાન ભોગવવાને આપણને લાયક બનાવવા માટે ઘણું અગત્યનું છે. મુશ્કેલીઓ વખતે આપણે મહાન્

પુરૂષોના દાખલા લઇ તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઇએ. શંકા અને નિરાશાના વખતમાં જ્યારે આપણો અંતરાત્મા વિઘ્નોના બોજા નીચે દબાતો હોય ત્યારે આપણામાં ઉત્સાહ પ્રેરવા માટે અને આપણને અંધકારમાં દોરવા માટે આપણે આપણા મહાન્ ગુરૂઓ તરફ નજર કરવી જોઇએ. ગુરૂઓ કે જેઓએ પવિત્રતાના ઝનુનમય હૃદયથી તેમના અંતરાત્મા ઉપર કાબુ મેળવી આસ્થાથી નિરાશા અને જુલમના સામે થઇ તેમના આદર્શો પૂરેપૂરો સફળ થયેલા જોયા છે. નરસિંહ મહેતા, મિરાંબાઈ, તુકારામ, વગેરે મહાત્માઓ આપણા મનને પવિત્ર આદર્શના ઉચ્ચ સ્થાને લઈ જાય છે.

આદર્શભૂત જીવન બનાવવામાં દૃઢ મનોબળ અને આત્મકર્તવ્ય પરાયણતા પ્રાપ્ત કરવાની ઘણીજ આવશ્યકતા છે અને આવા મહાત્માઓના પગલે પગલે ચાલવાથી તે પ્રાપ્ત કરી શકાય છે. આ ન્હાના પુસ્તકમાં (૧) આદર્શભૂત જીવન કોને કહેવું ? (૨) આદર્શભૂત જીવન ગાળનાર મનુષ્યમાં કયા કયા ગુણો હોવા

જોઇએ ? (૩) અને આવા સદ્ગુણો મેળવી પ્રતિમનુષ્ય પોતાનું જીવન કેવી રીતે આદર્શભૂત બનાવી શકે તે ત્રણ પ્રશ્નોનો ઉત્તર આપવાનો લેખકે પ્રયત્ન કર્યો છે.

પ્રથમ આદર્શભૂત જીવન કોને કહેવું તે સમજાવ્યું છે, જેણે જીવનનો સદુપયોગ કર્યો તેણે આદર્શભૂત જીવન ગાળ્યું એમ કહેવાય એટલે પ્રથમ જીવન સદુપયોગનો વિષય લખવામાં આવ્યો છે. તે પછી મનુષ્યમાં કયા કયા ગુણો હોય તો તે તેના જીવનનો સદુપયોગ કરી શકે—તેનું જીવન આદર્શમય બનાવી શકે તે સમજાવ્યું છે. જો મનુષ્યમાં સમભાવ, અને શારીરીક તેમજ માનસીક આરોગ્ય હોય અને સત્તાનો સદુપયોગ કરતાં આવડતો હોય તો તે આદર્શભૂત જીવન ગાળી શકે એટલા માટે સમભાવ, આરોગ્ય અને સત્તાનો ઉપયોગ એમ એક પછી એક વિષયો લખવામાં આવ્યા છે. છેલ્લો અને ઘણોજ અગત્યનો પ્રશ્ન આવા સદ્ગુણ પ્રતિમનુષ્ય મેળવી પોતાનું જીવન કેવી રીતે આદર્શભૂત બનાવી શકે એ

સમજાવવામાં આવ્યો છે. જે માણસને ગૃહ કેળવણી સારી મળી હોય તે તો સહેલાઈથી પોતાનું જીવન આદર્શભૂત બનાવી શકે એટલે ગૃહકેળવણીનો વિષય લખવામાં આવ્યો છે. જે માણસને ગૃહકેળવણી સારી ન મળી હોય તે માણુસ પણુ શાળાની કેળ-વણીથી તથા વાંચનથી પોતાનું જીવન આદર્શમય બનાવી શકે એટલે કેળવણી અને વાંચન એ બે વિ-ષયો અનુક્રમે લખવામાં આવ્યા છે. વાંચનમાં પણુ જીવન ચરિત્રનું વાંચન ઘણું અગત્યનું હોવાથી તે વિષય જુદો પાડવામાં આવ્યો છે, કારણુ મોટા પુરૂ-ષોનું અનુકરણુ કરવાથી જેના ગૃહસંસ્કાર સારા હોય તે અથવા ન હોય તે, જેને કેળવણી મળી હોય તે અથવા ન મળી હોય તે–પ્રતિમનુષ્ય પોતાનું જીવન આદર્શભૂત બનાવી શકે છે.

ઉપર પ્રમાણે ત્રણુ પ્રશ્નોનો ઉત્તર આપ-વાને લેખકે પ્રયત્ન કર્યો છે. આ નિબંધના જુદા જુદા વિષયો લખવાનો લેખનો હેતુ સમજાવવાનો બનતો પ્રયાસ કર્યો છે, વાચક વર્ગ આ ટુંકો નિ-

બંધ અને તે લખવાનો હેતુ વાંચી તેમનાં જીવન આદર્શભૂત બનાવવાનો પ્રયત્ન કરો અને તેમાં તેઓ સફળ થાઓ, એવી મારી તેમજ લેખકની ઇચ્છા છે. પ્રભુ અમારી આ ઉમદી ઇચ્છા પૂર્ણ કરશે એવી અમને ખાત્રી છે.

ગુજરાત કૉલેજ.
અમદાવાદ.

હિરાલાલ મથુરદાસ વ્હોરા.
કડીવાલા.

—:૦:—

વિષયાનુક્રમ.

વિષય.		પૃષ્ઠ.
૧	જીવન સદુપયોગ,	૨૦
૨	સમભાવ.	૨૪
૩	આરોગ્ય.	૨૭
૪	સત્તાનો ઉપયોગ.	૩૩
૫	ગૃહકેળવણી.	૩૭
૬	કેળવણી.	૪૬
૭	વાંચન	૫૦
૮	ચરિત્રાવલોકન.	૫૫

श्रीकृष्णायनमः

આદર્શ જીવન.

પ્રારમ્ભ.

પ્રભુની કૃપા ઉચ્ચ આદર્શ જીવન બનાવવામાં અતિ ઉપયોગી છે. નૈતિક જીવન ગાળવું અર્થાત્ નીતિના સુરસ્તે લોકલજ્જાની દરકાર કર્યા વગર અનુસરવું ને ચારિત્ર્ય ઉચ્ચ પ્રકારનું બનાવવું. લોકોમાં સારા–શ્રેષ્ઠ બનવા માટે ન્હાનામાં ન્હાના બનવું જોઇએ. નમ્રતા અને ધર્મ–નીતિનું વર્તન ઉચ્ચ ચારિત્ર્ય અને આદર્શ જીવન બનાવે છે. જે મનુષ્ય માન કે મ્હોટાઇ મેળવવાની દરકાર રાખતો નથી, તેના પાછળ માન આપોઆપ ચાલ્યું આવે છે. શત્રુના ગુણ ઉપર ઢાંકપિછોડો કરવો યોગ્ય નથી, તેમજ મ્હોટા માણસના દોષ ઢાંકવા તે પણ બિલકુલ યોગ્ય નથી. મ્હોટા સાથે વિનયથી વર્તવું, પણ તે-

મના તેજમાં તણાઈ ખોટા માર્ગે અનુસરવું નહિ. મ્હોટા થવાની ઇચ્છાવાલા મનુષ્યે પોતે રૂડું આચરણ રાખવું જોઇયે, કેમકે—

'મ્હોટા પુરૂષો જે જે આચરણ કરે છે તે તે આચરણજ બીજા સાધારણ જનો કરે છે, તે જે કરે છે તેજ પ્રમાણ ગણાય છે અને તેનેજ લોકો અનુસરે છે.'*

મ્હોટા માણસો ખોટાં કામ કરે તો તેનું નિરીક્ષણ કર્યા વિના લોક વિશ્વાસ રાખી તેમના જેવાં કર્મ કરે ને તેમના વિશ્વાસ ઉપર દોરાય આપણા વિશ્વાસથી બીજાઓ અવળે માર્ગે દોરાય નહિ માટે ખોટાં અનીતિનાં કાર્યથી બચવું જોઇયે.

ઇશ્વરની આજ્ઞાઓને પાળવા તરફ સંપૂર્ણ લક્ષ આપવું એ પણ ઉચ્ચને આદર્શ જીવન બનાવાની ઇચ્છાવાલાઓનું ખાસ કર્ત્તવ્ય છે. 'જે કાર્યથી પરમાત્મા ખુશી થાય તેવાં શુભ કાર્યો તેમની આ-

---

* यद्यदाचरति श्रेष्टस्तत्तदेवेतरोजनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

જ્ઞાઓનું પાલન કરી ધર્મ–નીતિના શુભ આચરણથી કરે તે મનુષ્યનું જીવન તેજ જીવન છે.' × શરીર સુખ અને દુઃખ બન્નેને રહેવાનું સ્થાન છે. એકલું દુઃખજ માણસને રહેતું નથી, સુખની પાછળ દુઃખ લાગેલું હોય છે તેમજ દુઃખની પાછળ સુખ પણ રહેલુંજ હોય છે; માટે દુઃખના વખતમાં ગભરાવું નહિ તેમજ સુખના વખતમાં ફુલાઈ જવું નહિ. દુઃખના વખતમાં ધૈર્ય ધારણ કરવું, ને દુઃખ ટાળવાના ઉપાય યોજવામાં સતત પ્રયત્નશીલ થવું. લમણે હાથ દઈ બેસી રહેવાથી કે જ્યાં ત્યાં રોદણાં રોવાથી દુઃખ દૂર થતું નથી, પણ દુઃખ ટાળવાના ઉપાયો અમલમાં લાવવાથી–ધીરજથી વર્તવાથી દુઃખ દૂર થાય છે ને શાન્તિને પમાય છે.

પ્રભુ કૃપાથી આપણે સુખી હોઈએ તો દુઃખી માણસોને બનતી મદદ આપી તેમને સુખી કરવાના માર્ગ મોકળા કરી આપવા જોઇયે. કોઈના દુઃખમાં

× प्रत्यक्षधर्मो भगवान् यस्य तुष्टो हि कर्मभिः ।
सफलं तस्य जन्माहं मन्ये सद्धर्मचारिणः ॥

ભાગ કરવો તેનો પણ પરોપકારમાં જ સમાવેશ થાય છે. પરદુઃખ ટાળવાની આપણામાં શક્તિ ન હોય તો તેને મીઠાં વચનોથી ધીરજ આપવી પણ સુખમાં ફુલાઇ બીજાના દુઃખને ન ગણકારી તેને હસી કાઢવાનું ગાંડપણનું નીચ કાર્ય કદિ પણ કરવું નહિ. પ્રભુએ આપણને સુખી બનાવ્યા તેથી દુઃખી માણસને ભૂલવું એ કોઇ પણ દરજ્જે વાજબી નથી. આપણી ઇન્દ્રિયો સારી, શરીર સશક્તને નીરોગી હોય તો ખોડીલા, અશક્ત ને રોગી માણસોને મદદ કરવી જોઇયે.

જે માણસ સુખમાં હરખાતો નથી દુઃખમાં ધીરજવાળો ને પ્રભુઉપર વિશ્વાસ રાખી દુઃખ ટાળવાને પ્રયત્નશીલ હોય, માનથી ફુલાતો નથી, ને પારકાનો દ્વેષ કરતો નથી તે પ્રભુની પ્રીતિ સારીરીતે સંપાદન કરી શકે છે.

જેનું જીવન આપણા ઉપર અવલંબીને રહેલું છે, જે અંતઃકરણ આપણને ચહાય છે ને જે સારા માટે ચાહના રાખે છે—પ્રયત્ન કરે છે તેવા મનુ-

ધ્યનો દુઃખ-સંકટના વખતમાં પણ અનાદર કરવો નહિ.

ઉંચા પ્રકારનું-આદર્શ જીવન પ્રાપ્ત કરવા માટે નમ્રતા, ધર્મ-નીતિનું આચરણ, સત્યને પ્રામાણિકતા, કૃતજ્ઞતા, ક્ષમા આદિ ગુણોનું સેવન કરવું. ' યથાશક્તિ ધર્મનું આચરણ કરવું પણ અધર્મથી તદ્દન અલગ રહેવું. '+ સુખમાં બીજાને મદદ કરવી, દુઃખમાં ધૈર્ય ધરવું, વચનનું પાલન કરવું, ક્રોધને વશ ન થવું, શાન્તિથી પ્રયત્નશીલ થઇ સદુદ્યોગ કરવો, પ્રભુએ અર્પેલી સ્થિતિમાં વિશ્વાસ-શ્રદ્ધા રાખી પ્રભુની દરેક આજ્ઞાઓ પાલન કરવામાં ચિત્ત રાખવું એ ખાસ અગત્યનું છે.

+ स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवृत्तः

श्री वल्लभाचार्यजी.

જીવન સદુપયોગ.

કીડીથી હાથી પર્યન્તનાં અવાચક પ્રાણી પણ પોતાનો નિર્વાહ સારીરીતે કરી શકે છે. કોઇ ધ-ણીની ચાકરી કરીને, કોઇ સતત ફરતાં રહીને અને કોઈ દીનતાથી આજીવિકા પ્રાપ્ત કરે છે; વળી તેમ કરતાં પણ ન મળે તો કેટલાંક પ્રાણી લૂંટી–ફોડીને પણ નિર્વાહ કરે છે, મનુષ્ય જેવું તર્ક શક્તિની બ-ક્ષીસવાલું ઉપયોગી પ્રાણી પણ તેવીજરીતે નિર્વાહ ચલાવે ને બીજાને મદદ ન કરે તો પશુ, પક્ષી અને તેમનામાં શો ફેર ? પરોપકાર માટે જીવનનો ઉપ-યોગ કરવો જોઇયે. મનુષ્યનો ઉત્તમોત્તમ જન્મ આ-પતાં ઇશ્વરે એક મ્હોટામાં મ્હોટી ને ઉપયોગી ફરજ મનુષ્યને માથે નાંખી છે ને તે એ છે કે **'તમારૂં જીવન તમારા એકલા માટે નહિ પણ આખી દુનિયાના માટે છે.'** તેથી કરીને અવગુણ ઉપર નજર કર્યા સિવાય ઈશ્વરની પવિત્ર આજ્ઞા પાળવાના ખાસ કર્ત્તવ્ય તરફ લક્ષ રાખવું જોઇયે. સર્વ પ્રાણી ઉપર જે માણસને અંતઃકરણથી દયા રહેલી છે–દુઃખથી હૃદય દ્રવે છે તેવા માણસને બીજાં કૃત્રિમ સાધનોની

શી જરૂર છે ? અને જે માણસ પશુ, પક્ષી માફક પોતાનોજ સ્વાર્થ સાધવામાં મશગુલ રહે છે અને દુઃખીના ઉપર દયા નહિ કરતાં નિર્દયપણે વર્તે છે તેવા માણસ જગતમાં જીવતા છતાં મરેલાજ છે એમ કહેવાને શી હરકત છે ?

પરાયા માટે જીવનનો સદુપયોગ કરનાર, પારકા દુઃખમાં ભાગ લેનાર અને દયા રાખનાર માણસજ જીવનનો યથાર્થ લાભ લે છે, દયા રાખવાથી હૃદયમાં નમ્રતા પ્રવેશ કરે છે ને અભિમાનનો નાશ થાય છે એ પણ એક મ્હોટામાં મ્હોટો ફાયદો દયાળુ હૃદયને થાય છે. ધર્મનું મૂળ દયા છે ને પાપનું મૂળ અભિમાન છે, માટે જ્યાં લગી પ્રાણ હોય ત્યાંલગી દયાનો ત્યાગ કરવો જોઇયે નહિ.*

આયુષ્ય ક્ષણિક છે એમ જાણવા છતાં પણ પરમાર્થરૂપી સ્વાર્થ સાધવામાં બેદરકાર રહેવું તે કોઈ પણ દરજ્જે વાજબી નથી. આપણે પોતે વિષયભોગને

---

*દયા ધર્મકો મૂળહે, પાપમૂલ અભિમાન;
તુલસી દયા ન છોડિયે, જબ લગ ઘટમેં પ્રાણ.
તુલસીદાસ.

વિલાસ ભોગવી મોજમજા મારીએ તેથી કાંઈ હિત થતું નથી કે અર્થ સરતો નથી પણ આપણાથી બીજાનું હિત સચવાઇ શકે દુઃખી સ્થિતિમાં મદદ કરી શકીએ તોજ આપણે પોતાનું હિત કે સ્વાર્થ સાધી શકયા કહેવાઇએ. જે માણસો પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને પણ બીજાનું ભલું કરવાને તત્પર રહે છે તે ઉત્તમોત્તમ મનુષ્ય છે, જે પોતાનું હિત સાચવીને બીજાનું હિત સાચવવા તૈયાર રહેછે તે ઉત્તમ મનુષ્ય છે, જે પોતાના હિતની ખાતર બીજાનું બગાડવા તૈયાર રહે છે તે કનિષ્ઠ મનુષ્ય છે, અને જે કોઇ પણ કારણ સિવાય પોતાનું હિત ન હોય છતાં પણ બીજાના હિતને નુકશાન કરે તે અધમાધમ મનુષ્ય છે.

ઇશ્વરે આપેલી સ્થિતિમાં પરમ સંતોષ માની પ્રભુની આજ્ઞાઓને ધૈર્ય રાખી પાળવી. આપણાથી નીચી સ્થિતિના મનુષ્યોને જોઇ દુઃખમાં ધીરજ રાખવી ને ઉંચી સ્થિતિના મનુષ્યોને જોઇ અભિમાનથી નિવૃત્ત રહેવું. પ્રભુને રાજી રાખવાનો એ ઉત્તમ ઉપાય છે. એટલું ચોક્કસ યાદ રાખજો કે—સ્વા-

થી, દગાખોરને અભિમાની મનુષ્ય પ્રભુથી વિમુખ રહે છે ને પ્રભુનો કોપ માથે વ્હોરી લેછે. ઉલટ-નિઃસ્વાર્થી, નિષ્કપટી ને નમ્ર મનુષ્ય પ્રભુને રાજી રાખે છે ને પ્રભુની પ્રીતિ સંપાદન કરે છે.

પ્રભુની કૃપા મેળવ્યા વિના પ્રભુ સહાય કરતો નથી. અને પ્રભુની સ્હાય વિના સારી વૃત્તિઓવાળો મનુષ્ય પણ પુણ્યકાર્ય કરવા તત્પર થઇ શકતો નથી, માટે હમ્મેશાં પ્રભુની નમ્ર થઇ પ્રાર્થના કરવી કે હે પ્રભુ ! તું મને દયાનો ગુણ આપ કે દુઃખી મનુષ્યોને જોઇ મારૂં હૃદય દ્રવે, હે પ્રભુ ! તું મને સુખી સ્થિતિ આપ કે જેથી હું તેવાં દુઃખી મનુષ્યોને મદદ કરી શકું, અને હે પરમ કૃપાળુ પ્રભુ ! તું મને દીનતા-નમ્રતા આપ કે જેથી મ્હારામાં અભિમાનનો આવેશ થતો અટકે.

'માત્ર આકૃતિએ કરીને મનુષ્ય મનુષ્ય નથી અને પશુ પશુ નથી; સ્વાર્થમય જીવન ગાળવું એનું નામ પશુતા, પરાર્થમય જીવન ગાળવું એનું નામ મનુષ્યત્વ'.*

---

*પ્રો. આનન્દશંકર ધ્રુવકૃત નીતિશિક્ષણમાંથી

સમભાવ.

જયાં સુધી મ્હોટા ન્હાનાપણું હોય ત્યાં સુધી સત્કાર્યમાં પ્રવૃત્તિ થતાં વિઘ્નો નડે છે. શુભ કાર્ય કરવાની ઇચ્છાવાલાઓએ **સમભાવ** રાખતાં શિખવું જોઇયે. આપણને કોઇ કડવું વચન કહે તો જેવું આપણને દુઃખ થાય છે તેવું વચન આપણે બીજાને કહીએ તો તેને તેવુંજ દુઃખ થાય, માટે કોઇ પણ મનુષ્યને કડવું વચન કહેતાં પહેલાં પોતાના તરફ નજર કરવી જોઇયે. હિતનાં કામ કરતી વખતે અમુક ઊંચું કામ હું મ્હોટો છું માટે મ્હારે ભાગેજ આવવું જોઇયે અને અમુક નીચું કામ ન્હાના મનુષ્યનેજ આવવું જોઇયે એમ કરવા બેસીએ તો સારાં કાર્ય કરવામાં વિલંબ થાય જે માણસ आत्मवत् सर्व भूतेषु સર્વ પ્રાણી માત્રમાં આત્મવત્ બુદ્ધિથી જુએ છે તેજ જુએ છે. (દેખતા છે.) સર્વમાં સમાન બુદ્ધિ રાખવી એ કાંઇ ન્હાનુંસૂનું કામ નથી એવી બુદ્ધિ રાખનાર વિરલાજ હોય છે ને તેવાં વિરલાજ મનુષ્યો અચલ કીર્તિસ્તંભ રોપી

જાય છે. ' અમુક માણસ મ્હારો ને અમુક માણસ પારકો છે એવી ગણના-બુદ્ધિ સાંકડા ચિત્ત-વિચાર-વાલાઓનેજ હોય છે. વિશાળ દૃષ્ટિવાળા-ઉદાર ચિ-ત્તવાળા મનુષ્યોને તો સર્વ પૃથ્વી પ્રાણીમાત્ર પોતા-નાજ કુટુમ્બરૂપ છે.'×

બીજો કોઇ આપણને અપમાનકારક શબ્દો કહે તો પણ તેનું અપમાન નહિ કરતાં આપણે માન જાળવીએ તો સામા માણસને પસ્તાવો થયા વિના રહેતો નથી. પશ્ચાતાપ સમાન પ્રાયશ્ચિત નથી. પ-શ્ચાતાપ માણસને નિર્મળ બનાવે છે, અર્થાત્ આપણે જો અપમાન ખમીએ તો તેથી પણ બીજાનું ભલું કરી શકીએ છીએ ને માન ખોળતું આવે છે-વગર માગે મળે છે.

'જે કોઇની નિન્દા કરતો નથી. કરાવતો નથી કોઇએ માર્યા છતાં તેને મારે નહિ ને મરાવે પણ નહિ અને પાપીને પણ મારવા ઇચ્છે નહિ તેવા

×अयं निजः परोवेत्ति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

મનુષ્યના આગમનની દેવતાઓ પણ ઇચ્છા કરેછે.'*

બન્ધુતા–સમભાવપણું એ મનુષ્યનો ઉમદો ગુણ છે. કારણ તેવા સમદર્શી મનુષ્યોને ભેટવા માટે દેવતાઓ પણ તૈયાર રહે છે એ તેના ઉમદા ગુણની મહત્તાજ બતાવી આપે છે. મનુષ્ય માત્રઉપર સમભાવ–આત્મભાવની ઉદાર વૃત્તિ થવી જોઇયે પોતાના કુટુમ્બ, જ્ઞાતિ કે દેશ પ્રત્યેથી તે ભાવ સમસ્ત પૃથ્વીમાં ફેલાવો જોઇયે. મનુષ્ય તરીકે આપણે સર્વ મનુષ્ય બંધુજ છીએ એમ ધારવું અને તેને છાજતું ઉત્તમ કાર્ય કરવું તથા દરેક વ્યક્તિથી માંડી સમસ્ત સૃષ્ટિના જન ઉપર આત્મભાવ પ્રસારવો. સમભાવ રાખવો પ્રાણીમાત્ર ભગવાનનો અંશ છે ભગવદ્ગીતાદ્વારા ભગવાન શ્રી કૃષ્ણ એજ કહે છે ममैवांशो जीवलोके जीवभूतः सनातनः

ગરીબ મનુષ્યોપર દયા કરવાથી સમાનવૃત્તિ રાખવાથી, સ્હેજ વધુ ઉદારતા બતાવવાથી તેમના

---

*अतिप्रवादंनप्रवदेन्नवादयेद्योऽनाहत:प्रतिहन्यान्नघातयेत् हन्तुंचयोनेच्छातिपापकंवै तस्मैदेवाः स्पृहन्त्यागताय ॥

આશીર્વાદો જલદી મેળવી શકીએ છીએ, તેમની ન્હાની ભૂલો માફ કરવામાં દુઃખમાં ધૈર્ય આપવામાં બેદરકારી રાખવી એ કોઈ પણ રીતે વાજબી નથી. તેમના આશીર્વાદ આપણને ઘણાં સારાં અને મહાન્ કાર્યમાં મદદગાર થઇ પડે છે.

સમભાવ એ આપણા માયાળુ શહેનશાહ જયોર્જ પાંચમાનું વ્હાલું સુત્ર છે ન્હાનપણથીજ તેઓ દુઃખીની દાઝ જાણે છે. દુઃખીને દિલાસા અને મદદ આપીનેજ તેઓ આનંદ માને છે.

આરોગ્ય.

સુખી માણસજ બીજાને સુખી કરી શકે છે; માટે સુખ પ્રાપ્ત કરવું. ને બીજાને સુખી કરવા. તનથી સુખી હોઇયે તો તનથી ને મનથી સુખી હોઇયે તો સારી સલાહથી અને ધનથી સુખી હોઇયે તો પૈસાથી બીજાને સુખી કરી શકીએ અને જાતે સુખી થઇ શકીએ.

'પ્હેલું સુખ તે જાતે નર્યા.' શરીરે સુખી માણુસ દરેક પ્રકારનાં સુખ પ્રાપ્ત કરી શકે છે દુનિયાંદારીનાં તમામ સુખોમાં શારીરિક આરોગ્ય ઉત્તમ પદવી ધરાવે છે બીજાં સુખો સારાં હોય પ-ણુ આરોગ્ય વિના તેમાં મન ગોઠતું નથી ને અ-કારાં લાગે છે ન્હાનપણુથીજ આરોગ્યના નિયમો સા-ચવવા તરફ બાળકોનું લક્ષ દોરાવું જોઇયે. ન્હાની ભૂલો પરિણામે મોટા રૂપમાં બ્હાર પડે છે. શરી-રની સ્વચ્છતા, ઘરની સ્વચ્છતા, કપડાંની સ્વચ્છતા, હવા ને અજવાગાવાળી ચોખ્ખી જગા, શુદ્ધ જલ, સાદો પૌષ્ટિક ખોરાક, મિતાહાર, મનને તથા શરીરને આનન્દ આપે તેવી કસરત ને આનંદી સ્વભાવ એ આરોગ્યના મુખ્ય નિયમો છે.

સ્વચ્છતા—ભારે લૂગડાં પ્હેરવાથી, ઉંચા સાબુથી ન્હાવાથી, કે મ્હોટા બંગલામાં રૂહેવાથીજ જો આરોગ્ય સચવાતું હોય તો ધનવાન માણુસોજ સાચવી શકે પણુ તેમ નથી. ગમે તેવાં હલકાં લૂ-ગડાં ધોઇને સાફ રાખવાં–શરીરે ચોળીને ન્હાવું

અને ન્હાની ઝુપડી કે મ્હોટો બંગલો હોય તો પણ તે સ્વચ્છ, હવા-પ્રકાશના અવર જવરવાળો હોય તો આરોગ્યને સારી અસર કરે છે. પ્રાચીન સમયમાં ઋષિયો વગડામાં પર્ણકૂટી બાંધતા ને સાદું પણ શુદ્ધ જીવન ગાળતા, તેથી તેઓ લાંબું આયુષ્ય ભોગવતા.

ખાનપાન—સાદા ખોરાકથી આરોગ્ય પ્રાપ્ત કરી શકાય છે. રસેન્દ્રિયના મોહમાં ફસાવાથી—જીભ વશ ન રાખવાથી—ગમે તેવો ખોરાક ખાવાથી રસ લોલુપતાને લીધે આરોગ્યની હાનિ થતાં વાર લાગતી નથી, સ્વાદિષ્ટ પણ સાદો ને નિર્દોષ મિતાહાર આરોગ્ય પ્રાપ્તિનો મુખ્ય ઉપાય છે.

યુક્ત આહાર અને યુક્ત વિહાર કરવો જોઇયે એમ युक्ताहारविहारस्य એ શ્લોકથી પ્રભુ શ્રી મુખે ભગવદ્ગીતા દ્વારા અર્જુનને-જગતને ઉપદેશે છે. યુક્ત આહાર માટે પણ એવું પ્રમાણ છે કે—

અરધો ભાગ ખોરાકથી ભરવો, ચોથો ભાગ જળથી ભરવો અને બાકીનો ચોથો ભાગ વાયુના

અવર જવર માટે ખુલ્લો–ખાલી રહેવા દેવો. * આરોગ્ય પ્રાપ્તિના આવા ન્હાના ઉપાયમાં પણ બેદરકાર રહેવાથી પરિણામે ભયંકર અને અસાધ્ય રોગો ઉત્પન્ન થઈ શરીરને હેરાન કરે છે; અને જીવનને અકારૂં બનાવે છે. આહાર વિહારમાં અનિયમિતતા કે સહજ ભૂલ થવાથી ઉત્પન્ન થતા રોગો ખાનપાનના નિયમો સાચવવાથી દૂર થાય છે અજીર્ણ એજ વિષ ભોજન છે अजीर्णे विषभोजनम् ખાનપાનમાં નિયમસર વર્તવાથી શરીર આરોગ્ય રહે છે એટલુંજ નહિ પણ તેનાથી વખતે રોગ પણ મટે છે.

વ્યાયામ—ખાઇને બેશી રહેવાથી પણ શરીરમાં પ્રમાદ વધી જાય છે ને તન્દુરસ્તીને નુકશાન થાય છે. માટે ફરવા હરવાની કે તેવીજ થોડી મહેનતની કસરત પણ શરીરને સુખાકારી અર્પે છે. મ્હેનત કર્યા પછી મનને આનન્દ અને તનને આ-

---

* द्वौ भागौ पूरयेदन्नैस्तोयेनैकं प्रपूरयेत् ।
मारुतस्य प्रचारार्थं चतुर्थमवशेषयेत् ॥

રામ આપવાની અગત્યતા પણ વિચારવી જોઈયે, તેથી બુદ્ધિ ખીલે છે. શ્રમને અન્તે આરામ–મ્હેનત વિનાની કસરત સારો આનંદ આપે છે.

આનન્દી સ્વભાવ—આનંદી સ્વભાવ રોગને ઉત્પન્ન થતા અટકાવવામાં સાહાય્યભૂત થાય છે. ચીડીઆ સ્વભાવથી રોગ જલદી થાય છે ને મટતાં પણ વાર લાગે છે. ને આનંદી સ્વભાવવાલા મનુષ્યોને રોગ થતા નથી ને થાય છે તો તેનો જલદીથી પાર આવે છે.

પ્રફુલ્લ વદનના માણસો સૌને પ્રિય થઇ પડે છે પોતાના તન–મનને આનંદી જોવાને દરેક માણસને ઉત્સુક્તા રહેવી જોઇયે. પ્રોફેસર–આનંદશંકર બાપુભાઇ ધ્રુવના વિચારો આ સંબંધે ઉત્તમ હોવાથી નીચે જણાવવા અનુકૂળ લેખું છું.

૧ તંદુરસ્ત શરીરમાંજ તંદુરસ્ત મન રહે છે માટે ન્હાનપણથીજ શરીર સુધરે તેવી રમત ગમતની ટેવ પાડવી.

૨ જેમ કસરતથી શરીર સુધરે છે તેમ આનંદી સ્વભાવ પણ શરીરની સુખાકારીનું મ્હોટું કારણ છે. મુખ પુષ્પના જેવું પ્રફુલ્લ હશે તો શરીર પણ પ્રફુલ્લ થશે.

૩ શરીર તેમજ મનના વિકાસ માટે મિત્રોની અને મિત્રોમાં સરખાપણાના ભાવથી હળવા મળવાની બહુ જરૂર છે,

૪ શરીર અને મનની ખીલવણી ઉપર સૃષ્ટિ સૌન્દર્યની બહુ અસર થાય છે માટે બનતાં સુધી રમત ગમતો વનની છુટી તવામાં અને સૃષ્ટિ સૌન્દર્યને ખોળે રમવી. ×

જનહિતનાં દરેક કાર્યમાં શારીરિક આરોગ્યવાન્ માણસ મ્હોટો હિસ્સો આપે છે, આપણી ઘરની વસ્તુઓ સાચવવા તત્પર થઇએ અને શરીર સાચવવા બેદરકાર રહીએ તો કોઈ પણ રીતે તે વાજબી કહેવાશે નહિ. ધર્મ સાધનામાં પણ શરીર પ્રથમ દરજ્જે સારૂં હોય તોજ કામ લાગે છે.

× નીતિ શિક્ષણમાંથી.

शरीरमाद्यं खलु धर्म साधनम्.

અર્થાત્ ધર્મ સાધવામાં નીતિ એ ચાલવામાં ફરજ બજાવવામાં રોગી માણુસ ચપલતાના અભાવે નિરૂપયોગી થઇ પડે છે અયોગ્ય આહાર, વિહાર અને વ્યસનથી શરીરને ઘણી હાનિ થાય છે માટે તેનાથી બચવું જોઇએ.

વ્યસનથી શરીરની પાયમાલી થાયછે. બુદ્ધિ બગડી જાય છે ને ધનનો નાશ થાય છે માટે તન, મન ને ધનની ખરાબી થાય, લોકોમાં અપકીર્તિ થાય અને કુટુમ્બની પાયમાલી થાય તેવાં વ્યસનથી દૂર રહેવું. ને જીવનને શુદ્ધ-પારદર્શક બનાવવું જોઇયે.

સત્તાનો ઉપયોગ.

પ્રભુએ કૃપા કરીને બીજા ઉપર ઉપરીપણું ભોગવવાની સત્તાની બક્ષીસ કરી હોય તો તેથી ફુલાઇ નહિ જતાં તેનો સદુપયોગ કરવો જોઇયે, આપણાથી મ્હોટી સત્તાવાળાની ખુશામદ કરવી તે પણ યોગ્ય

નથી. મ્હોટાને માન આપવું, તેમની સાથે વિનયથી વર્તવું, તેમનું માન જાળવવું એ આપણી અગત્યની ફરજ છે પણ તે મ્હોટા છે એમ ધારી તેમના તેજમાં તણાઇ જવું નહિ કે ખુશામદ કરવી નહિ. તેમ કરવાથી ન્હાનાને અન્યાય આપવો પડે છે; ને આપણી પોતાની મહત્તા ઘટાડવામાં પોતેજ કારણભૂત થઇએ છીએ. ન્હાના ઉપર વાત્સલ્ય રાખવું જોઇયે તે ન્હાનો છે એમ ધારી તેને હલકો ન ગણી કાઢતાં તેના પ્રત્યે માયાળુપણે વર્તવું જોઇયે. તેમ કરવાથી ઉત્સાહવડે તેમને હર્ષ થાય છે ને આપણું કામ ઉત્તમ રીતે ને સારૂં થાય છે.

ભય અને ત્રાસ સદાને માટે ભૂલાવી દેવાં જોઇયે બીજાને ભય આપીને કરાવેલું કામ ઉત્તમ થતું નથી તેમ તે ખુશીથી કરતો પણ નથી. ઉલટ વાત્સલ્યથી તેજ કામ ખુશીથી ને સારૂં થાય છે. વિનય અને વાત્સલ્યના અભાવે આપણે એકલપેટા થવું પડે છે ને કોઇ પણ મનુષ્ય સંસર્ગમાં આવતાં અચકાય છે. ને તેથી કરીને સત્કાર્ય થઇ શકતાં

નથી. સત્કાર્ય કરવાની ઇચ્છાવાળા મનુષ્યે દરેક સાથે હળીમળીને ચાલવું જોઇયે. મહદ્ કાર્ય કરવામાં મ્હોટાથી ન્હાના દરેકની વધતી ઓછી જરૂર પડે છે. માટે ન્હાનાની અવગણના કરવી નહિ. આપણી ખરી કસોટી જાહેર હિલચાલમાં ભાગ લેવાથી, લોકો સાથે હળીમળી રહેવાથી થાય છે. મ્હોટાઇનો ડોળ હોય તો અભિમાનાવેશ થઇ જાય છે, તેથી સત્કાર્ય થતાં અટકી પડે છે, દુનિયાની નજરે પણ હલકા ગણાઇએ છીએ ને સ્વભાવ ચીડિયો થઇ જાય છે. થોડાક ખુશામદીઆ માણસો હાજી હાજી કરે એટલે આપણે આપણામાં સર્વજ્ઞપણું માની બેસી રહીએ છીએ ને બ્હારની વિશાળ પ્રવૃત્તિ તરફ નજર પણ કરતા નથી.

'થોડાક ખુશામંદીઆ માણસો શું કહે છે તે ન જોવું પણ જગત્ શું કહે છે તે જોવું.' *

'આપણે આપણને પોતાને ગમે તેવા સારા લાગતા હેઇયે પણ જ્યાં સુધી જાહેર દુનિયામાં

---

* પ્રો. આનન્દશંકર કૃત નીતિશિક્ષણમાંથી.

મળીએ નહિ ત્યાં સુધી આપણને આપણી ખામીઓ જણાય નહિ માટે સૌ સાથે છૂટથી હળવું, મળવું.

' તુલસી આ સંસારમેં, ભાત ભાતકે લોક;
સબસેં હિલમિલ ચાલીએ, નદીનાવ સંજોગ.'×

સર્વ સાથે હળીમળીને છૂટથી વર્તવાથી ખોટું અભિમાન જતું રહે છે, સત્કાર્યમાં પ્રવૃત્તિ થાય છે ને ન્યાયપયરાણુ થવાય છે.

'નીતિમાં નિપુણ મનુષ્યો નિન્દે યા વખાણે, લક્ષ્મી મળે કે જાય, આજ મરણુ આવે વા યુગા-ન્તરે આવે ફાવે તેમ થાય તોપણુ ધીર પુરૂષો તો ન્યાયના રસ્તેથી ચલિત થતા નથી. ન્યાયથી વિરૂદ્ધ ચાલતા નથી.'+

ગમે તેટલી વિપત્તિ હોવા છતાં ન્યાયને રસ્તે

× તુલસીદાસજી.

+निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम्
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः

ચાલવું એ જીવનની સાર્થકતા છે. ન્યાય નિષ્કલંક છે તેની પવિત્રતા જાળવવી અને ઇશ્વરની મહેરબાની મેળવવી. અપરાધી છૂટી જાય તો ફિકર નહિ પણ નિરપરાધી માર્યો ન જાય તેની તો બરાબર સંભાળ રાખવી જોઇયે. કિંચિત્ તસ્દી લેવાથી કે જરા જીભ હલાવવાથી મહત્કાર્ય થઇ શકે એવી સ્થિતિમાં પણ સત્કાર્ય કરી ન શકાય તો પછી ઉતર્યા અમલ કોડીના થઇ ગયા પછી શું થઈ શકવાનું છે ?

ગૃહ કેળવણી.

જે શિક્ષણ શાળાઓમાં વર્ષો સુધી મહેનત કરવાથી મળતું નથી તેવું ઉત્તમ શિક્ષણ સુશિક્ષિત માતા તરફથી મળે છે. ઘર એ ચારિત્રનું પગથિયું અને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરવાની શાળા છે. ન્હાના બાળકના હૃદયમાં જેવા પ્રકારનાં બીજ નાંખ્યાં હોય તેવા પ્રકારનાં ફળ મ્હોટપણે ફળે છે ને જનહિતકારી બાબતોમાં તેવો ભાગ લઈ શકે છે. ન્હાના બાળકના કુમળા મગજમાં ઉત્તમ પ્રકારના વિચા-

રો ઠસાવવામાં આવ્યા હોય તોજ તે ગૃહની શાળા-
માંથી બીજી મ્હોટી શાળાઓમાં ઉત્તમ કાર્ય કરી
શકે છે. બી. એ. કે એલ. એલ. બી. ની ડીગ્રી સં-
પાદન કરવામાંજ શિક્ષણની મહત્તા નથી પણ ઉ-
ત્તમ વિચારોનું અનુકરણ કરવામાં, બ્હોળા જ્ઞાનનો
જન હિતકારી કાર્યમાં ઉપયોગ કરવામાં અને નીતિથી
ચાલવામાં શિક્ષણની શિક્ષણ–જીવનની મહત્તા છે. ભિ-
ન્ન ભિન્ન સંયોગોમાં સારાસાર વિચાર કરવાની શ-
કિત જ્યાં સુધી પ્રાપ્ત થઇ શકે નહિ ત્યાં સુધી શિ-
ક્ષણ પ્રાપ્ત કર્યાની મહત્તા સમજાઇ શકે નહિ. ન્હાન-
પણથી પડેલા સંસ્કારોનો ગમે તેવા ઉપાયો કરવા છતાં
વૃદ્ધપણે રંગ બદલાતો નથી—તેના મૂળમાં કાંઇ
ફેરફાર થઇ શકતો નથી.

જે ઘરની વ્યવસ્થા નીતિમાન, ન્યાય પુરઃસર,
આનંદી, સંતોષી ને સુખમય હોય તે ગૃહનાં બાળકોમાં
તેવીજ બુદ્ધિના સંસ્કારો પડે ને ઉમ્મર લાયક થ-
તાં તેવાજ સંસ્કારો વૃદ્ધિ પામીને પોતાનાં માતાપિ-
તાના નીતિ, ન્યાય, આનંદાદિ સદ્‌ગુણોનું અનુકરણ ક-

રીને ખીલી નીકળે ને જગતને ભૂષણરૂપ નિવડે; અને જે ગૃહમાં એથી ઉલટ પ્રકારના નિયમોના સંસ્કાર બાળકોના મગજમાં દાખલ થતા હોય તે ગૃહનાં બાળકો ભવિષ્યમાં મ્હોટપણે તેવાંજ રહેવાનાં. બાળકોમાં અનુકરણ કરવાની શક્તિ ઘણી તીવ્ર હોય છે ઘરમાં જેવા પ્રકારની રીતભાત ચાલતી હોય તેવાંજ પ્રકારની રમતો બાળકો રમે છે. માતાના વર્તનની અસર બાળક ઉપર જલદી થાય છે માટે બાળકને માતા જેવો એક પણ સદ્‌ગુરૂ નથી. સ્વ. મણિલાલ નભુભાઇ કહે છે કે 'યોગ્ય માતા સો શિક્ષક કરતાં અધિક છે.' માતાનું અનુકરણ કરતાં બાળકો જલદી શિખે છે. માતાના હસતા મુખથી બાળક પ્રફુલ્લ બનેછે અને માતાની ઉદાસીથી રડવા લાગે છે. માતાના સંસ્કારો બાળકમાં જલદી સ્ફુરી નિકળે છે માબાપના વર્તન ઉપર બાળકો અણસમજમાં પણ પૂરતું ધ્યાન આપે છે, તેથી તેવા વિચારો બંધાઈ તેવા પ્રકારનું ચારિત્ર ઘડાય છે ને તેવું જીવન ગુજારેછે.

સ્ત્રીઓ ગૃહરાજ્યની મહાન મંત્રી, અધિષ્ટાતા દેવતા છે. મનુ यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ઉપદેશે છે. જ્યાં સ્ત્રીઓની પૂજા-સન્માન થાય છે ત્યાં દેવતાઓ રમે છે. ખરૂંજ છે કે જે ગૃહમાં સ્ત્રીઓને યોગ્ય સદ્‌ગુણોથી વિભૂષિત કરવામાં આવે છે ત્યાંજ પ્રભુની કૃપા વરસે છે ને સદ્‌ગુણોથી વિભૂષિત થયેલી સ્ત્રીઓજ ભવિષ્યની ઉન્નતિસાધક પ્રજા ઉત્પન્ન કરે છે.

'પ્રતિ ગૃહની માતાના ખોળામાં રમતું નાનુ બાળક એ ભવિષ્યની પ્રૌઢ પ્રજાનું બીજ છે'* સ્ત્રીઓની ઉન્નતિમાં સર્વની ઉન્નતિ છે એમ સમજી સ્ત્રીઓને કેળવવા તરફ લક્ષ આપવાની અને જેમ બને તેમ દેશમાં સુશિક્ષિત સન્માતાની વૃદ્ધિ થાય એવા રૂડા પ્રયત્નની ખાસ અગત્ય છે.

ગૃહના કામકાજમાં-ગૃહ કેળવણીમાં દક્ષતા મેળવવી એ સ્ત્રીઓની પ્રથમ અગત્યની કેળવણી

---

* સ્વ. મ. ન. કૃત ચરિત્રમાંથી

૭. જે નારી કામ, ભોગ, ઐશ્વર્ય અને સુખની અ-
ધિક ઇચ્છા ન રાખતાં કેવળ સ્વામીને ચાહે છે તે
ધર્મને પામે છે.

સ્ત્રીઓને પણ પતિ એજ પરમ દૈવત છે. જે
ગૃહમાં દામ્પત્ય પ્રેમ હોય, અરસ્પરસ સ્નેહની લા-
ગણી હોય, બ્હારનાં કલેશ દુઃખ ટાળવા શ્રમમાં નિરાંત
મેળવવા-આનંદ મેળવવાને ઘર તરફ જવાની લા-
ગણી હોય સ્ત્રીપુરૂષ દરેકને એકમેકની ચાહના
હોય એજ ખરૂં ગૃહ અને એજ ખરાં દંપતી છે
અને એવા ગૃહમાંથી-એ ઉદારચિત્ત દંપતીનાં સં-
તાનોજ જગતમાં કીર્તિસ્તંભ નાંખી જાય છે તે-
મનાજ ગુણો ગવાય છે અને તેમની- તેમને જન્મ
આપનાર માતા પિતાનીજ વાહ વાહ બોલાય છે ને
ધન્યવાદ મળે છે.

ગૃહસ્થનો અને સ્ત્રીઓનો ખાસ ધર્મ છે કે
માંદાની માવજત અને અતિથિ સત્કાર પૂર્ણ

+ न कामेषु न भोगेषु नैश्वर्ये न सुखे तथा ।
स्पृहा यस्या यथा पत्यौ सा नारी धर्मभागिनी ॥

महाभारत.

ભાવથી શુદ્ધ અંતઃકરણથી કરવાં જોઇએ. રાતો એ પરોણો ને હસતો એ પરોણો એમ નાહ પણ અતિથિને જોઇને અંતઃકરણ આનંદ પામે. આપણી સ્થિતિ પ્રમાણે પણ આનંદથી પરોણાગત કરવામાં આવે, દુઃખીને જોઇ હૃદય દ્રવે—દયા ઉત્પન્ન થાય તો જાણવું કે તેજ સુભાગ્યની નિશાની છે.

'જે સ્ત્રીની વાણી કટુતા દોષથી રહિત અત્યન્ત સભ્ય અને મધુર—મીઠી હોય તથાપિ અસત્ય દોષથી મિશ્રિત ન હોય, જેની દૃષ્ટિ સ્નેહરૂપ અમૃતથી ભરેલી હોય પણ પોતાના પતિ સિવાય અન્ય પુરૂષ તરફ વિકારભાવથી ખેંચાયેલી ન હોય, જેનું હૃદય ઘણુંજ ઉદારભાવથી પરિપૂર્ણ ભરેલું હોય તથાપિ તે ઔદાર્યે આડા અવળા પૈસા ઉડાવવારૂપ ઉડાઉપ- ણામાં પરિણુત થયેલું ન હોય, તેજ સ્ત્રી પોતાના કુટુંબની, ઘરની, પતિની અને પોતાની પ્રતિષ્ઠા વધારે છે. અને ગૃહિણી પદને પણ તેજ શોભાવે છે.'*

---

*वाचामिष्टतयापिनानृतलवैर्मिश्रा स्थिता यस्याः स्त्रिया
दृष्टिः स्नेहसुधा भृतापि विकृता नास्त्यन्यपुंसि प्रियात् ।

અર્થાત્ સભ્યતા, સત્યવાળી મીઠી વાણી, અ-વિકારી સ્નેહવાળી દૃષ્ટિ, ઉડાઉપણા વિનાની ઉદારતા એ સ્ત્રીઓના મુખ્ય ગુણો છે ને એવી સ્ત્રીઓજ ખરી ગૃહિણી–ખરી સ્ત્રીઓ–ઉત્તમ માતાઓ નિવડે છે. સ્ત્રીઓના પ્રભાવથી સર્વ પ્રકારનાં સત્કાર્યો થાય છે. પુરૂષોએ પણ સ્ત્રીઓ એટલે દાસીની પેઠે કાર્ય કરવાની ને માર ખાવાની અધિકારીણી છે એવો ખ્યાલ સ્વપ્ને પણ લાવવો જોઇયે નહિ. તેમના પ્રત્યે મમતા, પ્રેમ, ઔદાર્ય રાખવાં જોઇયે અને છોકરા છોકરીના ભેદ તજીને છોકરાની પેઠે છોકરીઓને પણ તેમને લાયકની કેળવણી આપવા પૂરતું લક્ષ આપવું. તે પણ આપણુંજ અંગ છે. જેમ ગૃહની શોભા વધારવી એ સ્ત્રીઓની ફરજ છે તેમ સ્ત્રીઓને કેળવીને ગૃહની શોભા વધારનારી બનાવવી તે પુરૂષોની ફરજ છે. એવાં કેળવાયેલાં દંપતી અને

औदार्यं विपुलं हृदस्तदपि नायोग्यव्ययेच्छान्वितं
सा नारी गृहिणीपदस्य तनुते सत्यां प्रतिष्ठां पराम् ॥

पं. मुनिरत्नचंद्रजीकृत. "कर्तव्य कौमुदी"

સુસંસ્કારથી જન્મેલાં-પોષાયેલાં બાળકોવાળું ગૃહ તે સ્વર્ગના રૂપમાં ફેરવાઇ જશે. સ્વ. સાક્ષર મણિલાલ નભુભાઇનાં નીચલાં મોંઘા મૂલનાં વાક્યો ટાંકી આદર્શ જીવનની મહાન્ શાળાને લાયક દરેક ગૃહ નિવડે એવી શુભેચ્છાથી પ્રભુ પ્રત્યે નમ્ર પ્રાર્થના કરૂંછું.

'સ્ત્રીઓ જે કામ કરે છે, જનમંડળની જે અપ્રતિમ સેવા કરે છે તે ગુપ્તરીતે ને લોકની દૃષ્ટિએ ચડયા વિનાજ થયાં જાય છે. છતાં પણ કોણ કહી શકશે કે તે કશું કરતી નથી? તેમનાં બાવલાં ઉભાં કરવામાં આવ્યાં નથી તેમની પૂજા ઘેર ઘેર થઇ નથી, તેમની વાહવાહ ગવાઇ નથી, પણ તેમનાં કામ એ બધું જેના વિષે થયું છે તે સર્વ કરતાં મ્હોટાં છે ખરી વાત છે કે કોઇ સ્ત્રી 'વ્યાકરણ ભાષ્ય' કે 'શાકુન્તલ' કે 'માઘ'ની રચનારી થઇ નથી; ખરી વાત છે કે કોઇ સ્ત્રીએ 'રાવણ' કે 'જરાસંધ' કે 'કંસ' ને માર્યા નથી, કે સમુદ્રમાં સેતુ બાંધ્યા નથી; ખરી વાત છે કે તેમણે ભૂગોળ, ખગોળ કે રસાયણશાસ્ત્રના શોધ કર્યા નથી, પણ

તેઓએ આ સર્વ કરતાં ઉત્તમ અને મહત્તમ કામ કરેલું છે કેમકે તેમનાજ ખોળામાંથી એ બધું સાધનારાં પુરૂષોનાં બળ ઉદ્ભવ્યાં છે, તેમનાજ પ્રેમામૃતથી ચારિત્રવાળાં સત્સ્રીપુરૂષ પુષ્ટ થયાં છે તેજ સર્વ કરતાં મ્હોટી કરામત છે.'*

'શુદ્ધ સાહચર્ય પ્રેમનાં જોડાંજ જગત્‌ની પૂજા પામે છે ને જગતમાં પ્રતિષ્ઠાવાન નીવડે છે કેવાં કેવાં નાનાં નાનાં કાર્યોથી ને કેવા નાના ગુણોના અભાવથી આ સાહચર્ય પ્રેમમાં તૂટ પડી ઘર બગડે છે કે ભાગેછે એ વાતનું સવિસ્તર વર્ણન કરવાનો આ પ્રસંગ નથી; પરંતુ જેને પ્રેમનું સ્વરૂપ સમજાયું છે, જેને એમ જણાયું–અનુભવાયું છે કે અભેદ એજ પ્રેમનું તત્ત્વ છે, જેને પરોક્ષ પ્રત્યક્ષ સર્વત્ર ઉભયનું ઐક્ય છે. તેને તેવી નાની નાની વાતો સમજાવવાની અપેક્ષાજ નથી. ચારિત્રના ઉત્તમ ગુણમાંથી જેમ સાહચર્ય પ્રેમ સહજે ફળે છે તે સાહચર્ય પ્રેમની પરાકાષ્ટા એજ શુભ ચારિત્રનું લક્ષણ છે, એમ નિઃસંશય સમજવું.'*

---

* ચારિત્ર પ્રકરણ ૨ અને ૧૧ માંથી

કેળવણી

विद्यासमं नाऽस्ति शरीरभूषणम्

કેળવણી એજ સર્વ સત્કાર્યનું મૂળ અને આઠ-શંજીવનનો મહામંત્ર છે. ગમે તેટલી જાતની સં-પત્તિ હોય પણ કેળવણી વિના તેનો સદુપયોગ થઇ શકતો નથી. મૂર્ખતા જેવું એક પણ દૂષણ નથી મૂર્ખતા કોઇને પ્રિય પણ હોતી નથી. જે જે મહાન્ પુરૂષોએ જગતમાં નામના કરી છે તે સર્વ કેળવ-ણીનુંજ ફળ છે. વિદ્યા અનુપમ આનંદ આપનારી, દુઃખને હરનારી, પ્રતિષ્ઠા વધારનારી અને નીતિના રસ્તા સુઝાડનારી અનુપમ મૂલ્યવાન ખાણ છે. કે-ળવણી-વિદ્યા મેળવવા માટે આપણા પૂર્વજો-અગા-ઉના વખતના લોકો વગડામાં અત્યુત્તમ જીવન ગુ-જારતા, ઋષિ મુનિઓના આશ્રમમાં મહા મહેનત કરી તેમની આજ્ઞા માની રહેતા હતા. કેળવણીના સંસ્કારો ન્હાનપણથીજ બાળકોના હૃદયમાં ઠસાવવા તરફ પૂરતું લક્ષ અપાવાની અગત્ય છે. ઉગતી સ્થિ-

તિમાં જે કાર્ય થાય છે. તે મ્હોટપણે થઇ શકતું નથી. નીતિ-ધર્મના આચરણમાં પણ કેળવાયેલા માણસોજ સારો હિસ્સો આપે છે, માટે બુદ્ધિને કેળવીને ખીલવવા સારૂ કેળવણીની ખાસ જરૂર છે. **શ્રીમન્ત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડે** કૃપાવંત થઇ પોતાની રૈયતને કેળવણીમાં આગળ વધારવા સારૂ ને બુદ્ધિનો સદુપયોગ કરતાં શિખે તે સારૂ અનેક પ્રકારના સુધારા કર્યા છે. તેમાં કેળવણીનો મુખ્ય સુધારો કરી પ્રાથમિક કેળવણી મફત અને ફરજીયાત કીધી છે.

વિદ્વતા અને રાજાની પદવી એ બેને કદી પણ સરખાં ગણી શકાય નહિ. રાજા પોતાના દેશમાં પૂજાય છે ને વિદ્વાન તો દેશ કે વિદેશમાં સર્વત્ર પૂજાય છે.* અર્થાત્ રાજ્યપદવી કરતાં પણ વિદ્વતાની પદવી અધિક છે.-મૂલ્યવાન છે. કેળવણીથી દુઃખમાં ધીરજ, પ્રસંગે શૌર્ય, કાર્ય કરવાની હિંમત,

---

*विद्वत्वंच नृपत्वंच नैव तूल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥

નીતિનું વર્તન, પ્રામાણિકતા, દેશભક્તિ રાજભક્તિ આદિ મહાન્ સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે ને ઇશ્વરની ભક્તિ કરવાની મહાન્ શક્તિ પણ તેથીજ પ્રાપ્ત થાય છે. દુઃખ વિના સુખ નથી, અસ્ત વિના ઉદય નથી તેમ ખંત અને શ્રમ વિના નિરૂત્સાહથી કે બેસી રહેવાથી કેળવણી પણ પ્રાપ્ત થતી નથી. જે કામ કરવામાં વધુ ખંત આવે ને ઘણો શ્રમ પડે તે કાર્ય અન્તે ઘણુંજ લાભદાયી નિવડે છે. તન અને મન બન્ને કેળવવાની ખાસ અગત્ય છે. શરીરને સ્વચ્છ રાખવાથી અને સુઘડપણે વર્તવાથી શરીર નિર્મળ રહે છે. તેમ મનને પણ ધર્મ, નીતિ, સત્ય, પ્રામાણિકતા અને વિદ્યાદિ મહાન્ સદ્‌ગુણો ભરી નિર્મળ કરવા માટે કેળવણી પ્રાપ્ત કરી તેનો સદુપયોગ કરતાં શિખવું જોઇયે.

જ્ઞાન શક્તિની ઉમદા કેળવણીવાળા મહાન્ મનુષ્યોજ જગતમાં મ્હોટામાં મ્હોટી શક્તિ પ્રાપ્ત કરી નવિન શોધો કરે છે, ને નામના મેળવે છે. તેવા મનુષ્યો મ્હોટા ધારાશાસ્ત્રી, વિદ્વાન કે તત્ત્વ-

વેત્તા થાય છે. તેવા મનુષ્યોં સભાઓને ગજાવી મૂકે છે. તેવા મનુષ્યો ન્યાય આપે છે અને તેવા મહાન્ મનુષ્યોનીજ સલાહ જનસમાજને ઉપયોગી થઇ પડે છે.

કેળવણી સદાચારથી ચાલવા અને પ્રભુની પૂર્ણ ભાવથી ભક્તિ કરવા માટે છે. નહીં કે ફક્ત પૈસા કમાવા કે પક્કાઇથી વર્તી વ્યવહારમાં લોકોને છેતરવા માટે.

સદાચારથી વર્તી સંસારના સર્વ વ્યવહાર ચલાવવા અને ધર્મ-નીતિનું આચરણ રાખવું એ કેળવણી પ્રાપ્ત કર્યાનું સાર્થક છે, કેળવણી પ્રાપ્ત કરી ત્યારેજ કહેવાય કે તે જનસમાજને લાભદાયી નિવડે.

પ્રભુ એવી ઉત્તમ કેળવણી પ્રાપ્ત કરવાનું અને ઉત્તમ જીવન ગુજારાય તેવું મહાન્ બળ સર્વને અર્પે એવી અંતિમ મહેચ્છાથી વિરમાય છે.

વાંચન.

વર્તમાનપત્રો, માસિકો ને પુસ્તકો.

ઉચ્ચ વિચારો સારા રૂપમાં દર્શાવવામાં આવતા હોય ટુંકાણમાં અર્થ ગાંભીર્ય અને ચમત્કૃતિથી ભરેલ રસ પૂર્ણ ભાષા શૈલી હોય તેવાં ઉત્તમ પુસ્તકો એ ઉત્તમ સદ્ગુણી મિત્ર સમાન સલાહકાર થઇ પડે છે. હાલના સમયમાં છાપાકળાની અભિવૃદ્ધિના લીધે આપણને વાંચનનો લાભ સારી રીતે મળી શકે છે અને સસ્તા સાહિત્યની યોજના પણ થઇ છે ને થાય છે એ સદ્ભાગ્યની વાત છે. સોબતની અસર અને સંગનો રંગ જલદી લાગી આવે છે. હાલના વખતમાં પુસ્તકો જેવા ઉત્તમ મિત્રો દુઃખમાં ધૈર્ય દેવા– આનંદ આપવા સુખમાં મદદ કરનાર મનને પ્રમોદ અર્પનાર, ગમ્મત આપનાર અને આપણને જેવી જાતની સલાહ જોઇયે તે તે બાબતની સલાહ સારી રીતે આપવા સહેલાઇથી મળી આવે છે એ ઓછી આનંદદાયી બીના નથી. ગ્રંથાવલોકનની અભિરૂચિ થવી એ પણ સદ્-

ભાગ્યની નિશાની છે. આપણા રાજવી કવિ 'જીવી શકે તો એકલાં પુસ્તકોથી' * નો આનંદી રવ અત્યન્ત ઉત્સાહથી કેકારવદ્વારા કરે છે એ વાંચનની કીંમત કેટલી અમોલી છે તે બતાવી આપે છે. ઉત્તમ પ્રતિના વાંચનથી જીંદગીમાં અવનવો ફેરફાર થાય છે જીવનને મહાન્ ઉન્નત અને આદર્શ બનાવવાનો વાંચન એ ખરો કીમિયો છે. સર જોન હર્ષેલે એવી મતલબનું લખ્યું છે કે—

'સર્વ પ્રથક પ્રથક સંયોગોમાં મ્હારી પાસે સુદૃઢ રીતે ઉભી રહે અને મ્હારા સમસ્ત જીવનમાં મને સૌખ્ય અને આનંદના ઝરારૂપ નિવડે તથા જીવનનાં દુઃખો સામે ઢાલરૂપ થઇ પડે, સંયોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય અને દુનિયાના લોકો મ્હારા પ્રતિ ગમે તેટલા ધૂરકતા હોય તોપણ જે તેમના પ્રતિ મને બેપરવા બનાવે એવી કોઈ વસ્તુ મેળવવાની ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરવાનો પ્રસંગ આવે તો હું ગ્રંથાવલોકનની અભિરૂચિજ માગું ×

* કલાપિ

× વિવિધ ગ્રંથમાળા

પુસ્તકો એ સુખમાં આનંદ આપનાર ને દુઃખમાં પણ ન ત્યાગતાં ધીરજ આપે એવાં સુખ દુઃખમાં સરખીજ રીતે ચ્હાનાર ને પ્રેમથી સત્કાર કરનાર ઉત્તમ મિત્ર છે, પુસ્તકો એ આપણા સારામાં સારા સોબતી છે. જે જે મહાન્ પુરૂષોને થઇ ગયે ઘણાં વર્ષ થયાં છે તેવા મહત્માઓની આપણને સલાહ મળે છે, તેઓ પ્રત્યક્ષ હાજર થઇ આપણને આનંદ ધૈર્ય આપતા હોય એમ આપણને ચોક્કસ જણાઇ આવે છે. મહાત્માઓની શાશ્વત જીંદગી પુસ્તકો દ્વારા છે. વ્યાસ વસિષ્ટાદિ મુનીઓ કાલીદાસ, માઘ, બાણ, ભવભૂતિ, જયદેવ, જગન્નાથાદિ કવિયો શંકર, રામાનુજ,મધ્વ, વલ્લભાચાર્યાદિ તત્તવેત્તાઓ અદ્યાપિ હયાતજ છે ને હયાતજ રહેશે.શ્રીકૃષ્ણ ભગવાનનું અમોલું શાસ્ત્ર ગીતા જે આખી દુનિયાના મનુષ્યોના હૃદયને એક સરખીરીતે આનંદિત કરે છે જેનાં લગભગ ચારસેં ભાષામાં અનેક ભાષાંતર થયેલાં છે તેથી શ્રી કૃષ્ણ પુસ્તકથી પણ અનેકરૂપે જગતમાં વિસ્તરે છે. પુસ્તકો એજ ખરા મિત્રો, કેવા-

લયે। ને કીર્તિસ્તંભ છે કે જે કાળાન્તરે પણ નાશ થઇ શકતાં નથી. આપણા દેશમાં પુસ્તકોનો શોખ સારી રીતે ફેલાવવાની જરૂર છે. પણ નિર્ધનતાને લીધે તેનો ઉપયોગ થઈ શકતો નથી, માટે સાહિત્યને જેમ બને તેમ સસ્તું કરવા વિદ્વાનો અને ધનિકોનું ધ્યાન દોરાવું જોઇયે. પુસ્તકોનો સહવાસ ઉત્તમ પ્રકારથી પસંદગી કરી રાખવો જોઇયે તોજ સાર્થકતા થાય ને જો તેવી પસંદગી વિના જ્ઞાન સંપાદન થતું હોય તો આપણા બુકસેલરોજ ફક્ત જ્ઞાની, પંડિત ને તત્ત્વવેતા થાય.

અશ્લીલ ભાષા શૈલી ને વિચારોવાળાં પુસ્તકો, માસિકો કે વર્તમાન પત્રો ઉપર કાબુ રહેવો જોઇયે નહી તો તેવી સોબતથી ખરાબ પાસ બેસી જતાં વાર લાગતી નથી નઠારી અસર જલદી થાય છે. ઉજળે લુગડે જલદી ડાઘ પડે છે. સુવાસિત પુષ્પના ઢગલામાં થોડી હિંગ આવી પડે તો પુષ્પની સુવાસ જતી રહે ને હિંગની વાસ ફેલાય છે. કવીશ્વર દલપતરામ કહેછે કે—

'કુસંગીનો પ્રસંગ દે કુસંગ રંગ અંગમાં'
ઉત્તમ પુસ્તકો, ઉત્તમ વાંચન એજ સન્મિત્રની ગરજ સારે છે. દુઃખમાં વખત લાંબો લાગે છે; તેવા વખતમાં પુસ્તકો અવનવું ધૈર્ય અર્પે છે, દુઃખમાં વધારો ન કરતાં દુઃખ સહન કરવાનું ધૈર્ય આપે છે. સ્વ. સાક્ષર મણિલાલભાઈ ખરૂંજ કહે છે કે, 'પુસ્તકોની સોબતમાં જે અનંતાનંત લાભ છે તેમના ચરણનો આશ્રય કરવાથી જે અગ્રય એટલે ઉત્તમોત્તમ અને અમોધ. એટલે સિદ્ધ જ્ઞાન વિવેક અને ચાતુર્ય પેદા થાય છે તે બધું તો એક બાજુએ રહ્યું, પણ બીજા સહવાસો કરતાં પુસ્તકને અમથાં ઉથલાવી જવા જેટલો પણ પુસ્તકનો સહવાસ લાભકારી છે, બે અક્ષર આવડે તેતો પડયા જડે પણ ઉલટું નઠારા વિચારમાંથી કે નઠારી સોબતમાંથી ઉગરાય એ મહા લાભ છે. સમય નકામો કે ભારે લાગે નહિ અને ગમ્મત સાથે જ્ઞાનનો લાભ થાય.'

ચરિત્રાવલોકન.

આદર્શ જીવન બનાવવામાં જીવન ચરિત્રોનું વાચન અને અનુકરણ વધારે ઉપયોગી છે. ઐતિહાસિકજીવન ચરિત્રો મન ઉપર સારી અસર કરે છે, જીવન ચરિત્રો નિર્દોષ અને નિખાલસ મનથી લખાયેલાં હોવાં જોઇયે. નવલ કથાઓ સારી હોય છે તો આપણને પ્રિય લાગે છે ને અસર કરનારી થઇ પડે છે તેનું કારણ એ કે નવલ કથા એ કલ્પિત જીવનચરિત્ર છે. સારા લેખકોના હાથથી લખાયેલાં પુસ્તકો સારી અસર કરી શકે છે. જીવન ચરિત્રો લખવામાં શુદ્ધ બુદ્ધિ હોવી જોઇયે નહિં તો દોષ ઉપર ઢાંકપિછોડો કરી એકલી સારી બાબતો આગળ ધરવામાં આવે તો તેથી ન્યૂન અસર થાય ને કેટલીક વખત ઢાંકપિછોડો કરેલો નજીવો દોષ લોકો મ્હોટા રૂપમાં બ્હાર આણે અને જીવન ચરિત્રને કલુષિત કરી નાંખે.

જે મહાન્ મનુષ્યોએ દુનિયાના ઇતિહાસમાં પોતાનું નામ અમર કરીને આદર્શ સુધારાનો માર્ગ ખુલ્લો કરીને આપણને ઉચ્ચ સ્થાન તરફ જવાના

રસ્તા ખુલ્લા કરી આપ્યા છે, તેમનું જીવન જાણવું એ ઘણું અગત્યનું ને મુખ્ય કાર્ય છે. કારણ કે તેનાથી તેમની રીતભાત, કાર્ય કરવાની પદ્ધતિ, તેમનાં સુબોધક ચારિત્રમાન્ વચનો ને સદ્ગુણોનો તેમાં પડઘો પડેલો હોય છે. તેથી આપણને સારી અસર કરનારાં થઇ પડે છે.

" ગુજરાતનું ભવિષ્યનું તથા વર્તમાન સાહિત્ય કેવી રીતે રચી કહાડવું એ વિષે એક સુચના આપવાની જો તમે મને તક આપશો તો હું તમોને જણાવીશ કે આપણા આજના જુવાનો માટે ફત્તેહમંદ નિવડેલાં મનુષ્યોનાં જીવનવૃત્તો આપનારાં પુસ્તકોનું વાંચન અત્યન્ત પ્રોત્સાહન આપનારૂં નિવડી આવશે. તેમણે એકલાં મહાન્ નરોનાં જીવન ચરિત્રો નહિ, પરન્તુ જે પુરૂષો અને જે સ્ત્રીઓએ પોતાની જીંદગીનો ઉપયોગ કરીને પોતપોતાના કુટુમ્બનું, પોતાની ન્યાત જાતનું કે પોતાના દેશનું પરમ કલ્યાણ સાધ્યું હોય તેમનાં ચરિત્રો પણ તેમને તેવાજ ઉપકારક થઇ પડશે. રાજકર્તા અને

રાજદ્વારી પુરૂષોનાં જીવન ચરિત્રો માત્ર નહિ પરન્તુ સાધારણ જીંદગી ગાળનારાં મનુષ્યોનાં–તે વાંચનાર યુવકો જે વર્ગના હોય તે વર્ગનાં મનુષ્યોનાં જીવન ચરિત્રો તેમણે વાંચવાં જોઇયે. જે રાજ્ય કર્ત્તાઓએ પોતાને મળેલી તમામ તકોનો લાભ લઇ જે જે સુધારાઓ કરેલા હોય તે રાજકર્ત્તાનું મહાજીવન કોઈ પણ વાંચક કદાપિ વાંચવા બેસશે, પરન્તુ તેવા યુવકને ખબર હોય છે કે પોતે કોઇપણ દિવસ રાજકર્ત્તા થનાર નથી તેથી તેને પોતાનાજ વર્ગની મહાપદને પામેલી અને તેથી પણ આગળ વધીને પોતાના જનસમાજને પોતાને મળેલી તકનો પૂરેપૂરો લાભ આપનાર વ્યક્તિની જીવન કથા જેટલે અંશે મજા આપનારી અને બોધક થઇ પડે તેટલે અંશે તેને પેલા કોઇપણ રાજકર્ત્તાની જીવન કથા તેટલી મજા આપનારી કે ઉપદેશ આપનારી થઈ પડતી નથી. રાજકર્ત્તાઓને તે માન આપશે અને પૂજશે પરન્તુ પેલા બીજાનું તો તે અનુકરણ કરશે. પ્હેલાની તે પ્રસંશા કરશે પરન્તુ તે બીજી વ્યક્તિનું તો તે

તેના જેવાં કાર્યં કરવાની બાબતમાં અનુકરણ કરશે. એક વાત સ્મરણમાં રાખજો તમારા મન ઉપર તે સજજડ ઠસાવી રાખજો કે આ દુનિયાના મહાન્ પુરૂષો ઘણી રંક સ્થિતિમાંથી ઉતરી આવેલા છે એટલાજ માટે આપણે રંક જીવનનો અભ્યાસ કરવાની અને તેવા રંકને શિક્ષણ આપવાની અભિલાષા રાખીએ છીએ. અને આપણે તેવું કરીએ તેથી ગમે તેવું હલકું માણસ હોય તોપણ તેના પોતાનામાં જે મોટાઇના અંશ ગુપ્ત દશામાં પડયા રહ્યા હોય તો તેને મોટા થવા દેવાની આપણે તક આપીએ છીએ. "

મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડના આ ઉમદા વિચારો જીવનને ઉચ્ચ અને આદર્શ બનાવવા માટે જીવન ચરિત્રોનું અવલોકન કરનાર વ્યક્તિને ખાસ ઉપયોગી અને અનુકરણ કરવા લાયક

---

* શ્રીમન્ત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડે વડોદરાની ચોથી સાહિત્ય પરિષદ વખતે આપેલા ભાષણ ઉપરથી.

છે. એમ દરેક મનુષ્યની ખાત્રી થયા સિવાય રહેશે નહિ. મહાન્ પુરૂષોના જીવન ચરિત્રોના અવલોકનની જેટલી અને જેવી જરૂર છે તેથી રંક અને સમ-જીવનવાળા મનુષ્યોનાં જીવન ચરિત્રોના અવલોકનની જરૂર કોઈપણ દરજ્જે ઓછી નથી.

' સત્પુરૂષોનાં જીવન- તેમાં પણ દૈવી અંશથી સ્ફુરાયેલા નરોનાં જીવન વાંચવામાં આવે તો આપ-ણામાં બેમાલુમપણે નવુ અજવાળું આવ્યા વિના રહેતું નથી. અને આપણે જાણે મૂળ હાલતમાંથી ઉચકાઇને ઉંચે ચઢતા હોઇએ તેમ આપણને લાગે છે , ×

ઉત્તમ અને મહાન્ જીવન ચરિત્રોના વાંચનથી આપણી આશાઓ ફળીભૂત કરવાનું મહાન્ બળ પ્રાપ્ત થાય છે- શુભેચ્છાઓ ઉત્તેજિત થાય છે, અનુભવથી ઠરેલપણું, નમ્રતા ને સાદાઇ આવેછે. જનહિતકારી કાર્ય કરવાનું નવું બળ અને હિમ્મત પ્રાપ્ત થાય છે અને જીવનને આદર્શ બનાવી શ-કાય છે.

× મણુપતરામ અનુપરામ કૃત સદ્વર્તનમાંથી

જીવન ચરિત્રોના અવલોકનની આટલી મ્હોટી મહત્તા છે.' પરન્તુ આવાં ઉત્તમ ચરિત્ર સમજવાથી ઉત્તમ અસર થાય છે માટે જીવન ચરિત્ લખવાની પદ્ધતિમાં સમૂળ ફેરફાર થવાની આવશ્યકતા છે વર્ણ્યના ગુણ માત્રને બહાર લાવી અવગુણોઉપર ઢાંકપિછોડો કરવાની જ્યાં ઇચ્છા હોય અને મૂળે ગુણ હોયજ નહિ છતાં પણ ગુણ ઉપજાવી કાઢી ખુશામદ કે ભાટાઇ કરવાની ક્ષુદ્ર બુદ્ધિ હોય ત્યાં જીવન ચરિત્ સારાં લખાઇ શકાય નહિ. ડૉ. જોન્સન કહે છે કે વર્ણ્ય વીરોને દેવતા તુલ્ય બનાવવાથી ઉલટી હાનિ થાય છે કેમકે તેમને આપણા જેવા જાણવાથી તેમનું અનુકરણ કરવાની આપણને ઇચ્છા થાય તે ભાંગી પડે છે અને એવાં જીવન ચરિતથી ઉત્તેજનને બદલે માત્ર નિરાશા પેદા થાય છે.' ÷

સમુદ્ર મન્થનની શરૂઆતમાં વિષ મળવા છતાં પણ અમૃત મેળવવાનો પ્રયત્ન ચાલુ રહેવાથી તેમાંથીજ અમૃત મેળવ્યું; માટે દૃઢ નિશ્ચયથી કા-

÷ સ્વ. મ. ન. કૃત. ચરિત્રમાંથી.